ક્રમાંકઃ ધ/અનદ-૩/ઉ.ના.સ./પરિપત્ર/૨૦૧૯/ 29149-83

નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં- ૦૯, પ્રથમ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા. 29/૧૦/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષયઃ ઉચ્ચક નાણાંકીય સહાય અંગેના કેસો બાબત
સંદર્ભઃ અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ધ/અનદ-૩/ધ.૨/સૂચના/૨૦૧૯/ ૧૪૯૪૦-૭૪, તા. ૦૩/૦૬/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતે રાજ્યની બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ -૩ અને વર્ગ-૪ ના ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત ને ઉચ્ચક નાણંકીય સહાય મંજુર કરવા અંગેના કેસો રજુ કરવામાં આવે છે. જેમાં ઘણી ક્ષતિઓ જોવા મળે છે તે બાબતે તમામ જિલ્લાને નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે અને તે મુજબ કેસ રજુ કરવા જણાવવામાં આવે છે.

૧. ઉચ્ચક નાણાંકીય સહાય અંગેના કેસો અંગે અત્રેની કચેરીના તા. ૦૩/૦૬/૨૦૧૯ના પત્રથી અમલમાં મૂકેલ આપના ફોરવર્ડીંગ પત્રમાં ફેરફાર કરવામાં આવેલ છે તથા તે મુજબ કેસ તૈયાર કરી આપની કચેરીના જાણકાર કર્મચારી દ્વારા અત્રે રૂબરૂ હાજર રહી દરખાસ્તની ચકાસણી કરાવ્યા બાદ જ દરખાસ્ત અત્રે સ્વીકારવામાં આવશે તેમ જણાવેલ છે છતા પણ ઘણા જિલ્લામાંથી પોસ્ટ મારફતે નવી દરખાસ્ત/ પૂર્તતા અત્રેરજુ કરવામાં આવે છે અને તેમાં ઘણી ક્ષતિઓ રહેવા પામેલ છે. જેથી આ બાબતે પૂર્તતા અંગેના પત્ર પાઠવવાના થાય છે અને તેના કારણે અત્રેની કચેરીનો સમય વેડફાય છે. આ અંગે સ્પષ્ટ કરવાનું કે, રૂબરૂ દરખાસ્ત અઠવાડીયાના કોઈ પણ દિવસે સ્વીકારવામાં આવશે પરંતુ પોસ્ટ મારફતે મોકલવામાં આવનાર નવી દરખાસ્તો/પૂર્તતા અંગેના કેસો બાબતે આપની જવાબદારી નક્કી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

૨. ઉચ્ચક નાણાંકીય સહાયની દરખાસ્ત સાથે સામેલ સ્વ. કર્મચારીના આશ્રિત દ્વારા ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવાની અરજી શાળા કક્ષાએ ઈનવર્ડ કરાવવાની રહેશે તથા તે અંગેના આધારોની ચકાસણી કરી તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. અત્રેની કચેરીના તા. ૦૩/૦૬/૨૦૧૯ના પત્ર સાથે આપવામાં આવેલ આપના ફોરવર્ડીંગ પત્રમાં ક્રમાનુસાર સાધનિક કાગળો ગોઠવી રજુ કરવાની રહેશે.



Scanned by CamScanner

Scanned by CamScanner

૪. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૧૦/૨૦૧૫ ના ઠરાવની જોગવાઈ અનુસાર સ્વ. કર્મચારીના અવસાન બાદ તેમના આશ્રિત અરજદાર દ્વારા સ્વ. કર્મચારીના અવસાનના છ માસની સમયમર્યાદામાં ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા અરજી કરવાની રહેશે પરંતુ આ સમયમર્યાદા બાદ કરવામાં આવેલ અરજી અંગે આશ્રિત અરજદાર દ્વારા અરજી કરવામાં થયેલ વિલંબ ના સંતોષકારક કારણો રજુ કરવાના રહેશે અને તે બાબતે અરજદાર દ્વારા અરજી કરવામાં થયેલ વિલંબની મુદતમાં છૂટછાટ આપવા અંગેના કેસોમાં શિક્ષણ વિભાગ કક્ષાએથી મંજુરી મેળવવાની રહે છે.

આ પ્રકારના કેસો આપના જિલ્લા કક્ષાએથી સમયમર્યાદાની ચકાસણી કર્યા વિના જ રજુ કરવામાં આવે છે જે યોગ્ય નથી. તેથી આ અંગે યોગ્ય ચકાસણી કરી નીચે મુજબના આધારો પણ રજુ કરવાના રહેશે.

- આશ્રિત અરજદાર દ્વારા અરજી કરવામાં થયેલ વિલંબના સંતોષકારક કારણો.
- શાળાના આચાર્યશ્રીનો વિલંબના સંતોષકારક કારણો અંગે સ્પષ્ટ અભિપ્રાય
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો વિલંબના સંતોષકારક કારણો અંગે સ્પષ્ટ અભિપ્રાય
- સ્વ. કર્મચારીના અવસાન સમયે આશ્રિત અરજદાર સ્વ. કર્મચારી ઉપર સંપૂર્ણ આધારીત હતા કે કેમ ? તેના આધારો.

૫. સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવ અગાઉ અવસાન પામેલ કર્મચારીના કેસો બાબતે જણાવવાનું કે, આ પ્રકારના કેસો અંગે આપના દ્વારા કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવતો નથી. જેથી કેસ મંજુર/નામંજુર કરવામાં વિલંબ થાય છે.

ઉક્ત જણાવ્યા મુજબના કેસોમાં કેસ પડતર ગણાવાનો થાય કે કેમ ? તે અંગેના આપના સ્પષ્ટ અભિપ્રાય સાથે અત્રે રજુ કરવાના રહેશે.

૬. આ પ્રકારના કેસોમાં પૂર્તતા કરવા અત્રેની કચેરી દ્વારા પત્ર લખવામાં આવે ત્યારબાદ પણ પૂરતી ચકાસણી કર્યા વિના જ પૂર્તતા કરવામાં આવે છે અને ફરીથી અત્રેની કચેરી દ્વારા પૂર્તતા કરવા બાબતે પત્રો પાઠવવામાં આવે છે. જેના કારણે સ્વ. કર્મચારીના આશ્રિત કુંટુબને સહાય ચૂકવવામાં બિન જરૂરી વિલંબ થાય છે. તે ન થવા પામે તેની તકેદારી રાખવી જરૂરી છે.

૭. એનેક્ષર – D તથા D.1 માં મોટાભાગે ભુલ હોય છે તો તમામ એનેક્ષરની પૂરતી ચકાસણી કરવાની રહેશે.

૮. સ્વ. કર્મચારી જે તારીખથી અવસાન પામ્યા હોય તે તારીખથી તે મહિનાના અંત સુધીનો પગાર જો ચૂકવાયેલ હોય તો તે ચલણથી પરત કર્યાની ચલણની કોપી તથા એનેક્ષર-જી ફરજિયાત મોકલવાનું રહેશે. જો કર્મચારીને તે માસનો વધારાનો પગાર પરત ચૂકવવાનો થતો ન હોય તો શાળાના આચાર્ય તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નું સંયુક્ત પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તથા એનેક્ષર-જી માં રકમ NIL દર્શાવવાની રહેશે.

Scanned by CamScanner

૯. શાળા કક્ષાએ સમયમર્યાદામાં થયેલ અરજી ઈનવર્ડ ના આધારો આપની કક્ષાએ પૂરતી ચકાસણી કર્યા બાદ જ અત્રે રજુ કરવાના રહેશે. રાજ્યની કેટલીક શાળાઓમાં આવક રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. તેવું અત્રેની કચેરીના ધ્યાન પર આવેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત હોઈ આપની કક્ષાએ શાળામાં નિભાવવાના રજીસ્ટરની યોગ્ય નિરીક્ષણ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૧૦. આપની તાબા હેઠળની શાળાઓમાં કર્મચારીના અવસાન બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ ૬ માસમાં આશ્રિત દ્વારા અરજી કરવી જરૂરી બને છે તેથી આપની કક્ષાએ શાળાના આચાર્યશ્રીઓનું ધ્યાન દોરવા જણાવીએ.

૧૧. ઉચ્ચક નાણાંકીય સહાય અંગેના કેટલાક કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી દ્વારા આશ્રિત અને શાળા કક્ષાએ જિલ્લા કચેરીએ સમયમર્યાદામાં દરખાસ્ત કરેલ હોવા છતાં દરખાસ્ત પર બિનજરૂરી વધુ પડતો વિલંબ જોવા મળેલ છે. અને કેટલાક કિસ્સાઓમાં આ વિલંબ ૧૦ વર્ષ સુધીનો પણ જોવા મળેલ છે. જો આ પ્રકારનો વિલંબ આપની કક્ષાએથી જોવા મળશે તો આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની વ્યક્તિગત જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવશે.

૧૨. રહેમરાહે નિમણૂંક અંગેના (તા. ૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ પહેલા) પડતર કેસોને પ્રથમ અગ્રતા તરીકે હાથ ધરવાના રહેશે.

૧૩. ઉપર જણાવ્યા મુજબની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ અત્રે આવા કેસો રજુ કરવા જણાવવામાં આવે છે આ મુજબ કેસો રજુ કરવામાં નહિ આવે તો તે બાબતની ગંભીર નોંધ લેવાશે અને આ અંગેની સઘળી જવાબદારી જિલ્લા કક્ષાની રહેશે જેની ખાસ નોંધ લેવા જણાવવાનું થાય.

આમ, ઉચ્ચક નાણાંકીય સહાય અંગેના કેસોમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામને ઉક્ત મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તથા આપના જિલ્લાના તાબા હેઠળની તમામ બિનસરકારી અનુદાનિત શાળાઓમાં સદર સૂચનાઓ પરિપત્રિત કરવાની રહેશે અને તે અંગે શાળા દ્વારા પણ ઉક્ત તમામ સૂચનાઓનું પાલન થાય તે અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર.

(સહી)
નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર

ક્રમાંક: શિ-૩/ઉ.ના.સ./૨૦૧૯-૨૦/૪૫૪૯૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો પાલનપુર
તા. ૦૨/૧૧/૨૦૧૯

-નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ:
પ્રતિ,
આચાર્યશ્રી
બિનસરકારી અનુદાનિત મા./ઉ.મા. શાળાઓ,
તમામ, બનાસકાંઠા જિલ્લો.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર

Scanned by CamScanner